R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 34 DATE: 25-08-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## કેરળને મળી રહેલી પ્રસ્તાવિત વિદેશી સહાય સ્વીકારી કે નહીં તે અંગે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે મડાગાંઠ

કેરળમાં વિનાશકારી જળપ્રલયને કારણે રાજ્ય બેહાલ બની ચુક્યું છે અને તેને ફરીથી બેઠું કરવા માટે ભારે સહાયની જરુરત છે.આ સમયે યુએઇ દ્વારા કેરળ સરકારને ૭૦૦ કરોડની સહાય આપવા માટેની પોતાની ઈચ્છા પ્રગટ કરી. પરંતુ કેન્દ્ર સરકારને તેમાં વાંધો પડ્યો કારણકે કેન્દ્ર સરકારે કેરળ સરકારને આફત માટે આપવા માટે નક્કી કરેલા સહાય કરતાં યુએઇની સહાય વધુ હતી. જેના કારણે કેન્દ્રનો અહમ ઘવાયો અને પરિણામે સહાય નકારવાની વાત કરી છે.કેરળ સરકારને ૨૦૧૬ના નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનનો અભ્યાસ કરવાની સલાહ આપતાં કહ્યુ હતું કે કાં તો કેન્દ્ર યુએઇની રુપીયા ૭૦૦ કરોડની સહાય સ્વીકારે અથવા એટલી રકમ રાજ્યને વળતર તરીકે ચુકવે. કેરળના સી.એમ. પી.વિજયને જણાવ્યુ હતું કે મે ૨૦૧૬માં તૈયાર કરાયેલા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું નથી કે અન્ય દેશો પાસેથી સ્વયંભુ અપાતી સહાય સ્વીકારમાં નહીં આવે.કેરળ સરકાર મંત્રણા દ્વારા આ મુદ્દાનું સમાધાન શોધવા પ્રયત્ન કરશે.જરુર જણાશે તો વડાપ્રધાન મોદી સમક્ષ રજુઆત કરાશે

કેરળના નાણાંમંત્રી ટી.એમ.થોમસે ટ્વીટ કર્યુહતું કે કેન્દ્ર સરકારે યુએઇની ૭૦૦ કરોડ રુપીયાની લોન સ્વીકારી લેવી જોઇએ અથવા રાજ્યને તેટલી રકમનું વળતર આપવું જોઇએ.બીજી તરફ કેન્દ્ર સરકાર કુદરતી હોનારતોમાં વિદેશી સહાય નહીં સ્વીકારવાની ૧૫ વર્ષ જુની નીતિ પર અડગ છે. જો કે અન્ય યોજનાઓ અંતર્ગત માનવીય અને પુનનિર્માણ સહાય સ્વીકારવા કેન્દ્ર સરકાર મંજુરી આપે તેવી સંભાવના છે.ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર આ યોજનાઓની રુપરેખા હવે પછી ઘડી કાઢવામાં આવશે.

## એચ-૧બી વિઝા મુદ્દે અમેરિકાના ટોચના બિઝનેસ લીડર્સે ટ્રમ્પેન ગંભીર ચેતવણી દર્શાવી

અમેરિકા દ્વારા એચ ૧બી વિઝા નિયમોમાં કરવામાં આવી રહેલા ફેરફારો વિરુધ્ધ હવે અમેરિકાનાજ ટોચના બિઝનેસ લીડર્સે અવાજ ઉઠાવ્યો છે. એપલના ટીમ કુક સહિત ૫૯ કંપનીઓના સીઈઓએ આ મામલે એક પત્ર લખ્યો છે. પત્રમાં ટોચના બિઝનેસ લીડર્સે જણાવ્યુ હતું કે કઇ રીતે આ ફેરફારોથી અમેરીકાની આર્થિક વૃધ્ધિનો દર નબળો થઇ શકે છે.

પત્ર લખનારાઓમાં મુખ્ય લોકોમાં એપલની ટીમ કુક,જેપી મોર્ગન ચેઝે એન્ડ કું ના જેમી ડીમોન, અને પેપ્સિકોના ઈન્દીરા નુઇ પણ સામેલ છે. આ પત્ર બિઝનેસ રાઉન્ડ ટેબલ નામના સંગઠને મોકલ્યો છે.જે વોશિગ્ટનનું એક ગ્રુપ છે.જેમાં યુએસના મુખ્ય સીઇઓ સામેલ છે. આ પત્રમાં મુખ્યત્વે હાઇ સ્કીલ ઈમીગ્રેશનમાં થયેલા ફેરફારો સામે અવાજ ઉઠાવવામાં આવ્યો છે.

આ પત્રમાં પ્રારંભે લખવામાં આવ્યુ છે કે હાલ સરકાર ઈમીગ્રેશન નિયમોનો રિવ્યુ કરી રહી છે. અમારા મતે આવા ફેરફારો કરવાથી દુર રહેવું જોઇએ. જેના કારણે યુએસમાં રહેતા હજારો સ્કીલ્ડ કર્મચારીઓ અને કાયદાનું પાલન કરી રહેલા લોકોને પરેશાની થશે. આ કારણથી યુએસની સ્પર્ધા કરવાની ક્ષમતા પર પણ અસર થશે.

આ પત્રમાં આગળ લખવામાં આવ્યુ છે કે ટ્રમ્પ બહારથી આવનારા સ્કીલ્ડ લોકો પર લગામ મુકવા માંગે છે. જ્યારે અહીના અર્થશાસ્ત્રીઓ સ્વીકારી ચુક્યા છે કે એ સ્કીલ્ડ લોકોથી અમેરિકાને જ લાભ થઇ રહ્યો છે.આ પત્રમાં સ્કીલ્ડ ફોરેન વર્કસની અરજીઓ પર જે રીતનું વલણ અપનાવવામાં આવ્યુ છે તેના અંગે પણ સવાલો ઉઠાવાયા છે.

## લાલુ યાદવને પાછા જેલમાં જવું પડશે : હાઇકોર્ટનો આદેશ

લાલુ પ્રસાદના જામીન લંબાવાયા નથી અને સાથે સાથે હોટેલ કેસમાં તેમની સામે ચાર્જશીટ દાખલ થઇ ગઇ છે.ઝારખંડની હાઈકોર્ટે લાલુ યાદવને આપેલા કામચલાઉ જામીનની મુદત લંબાવવાનો ઈનકાર કર્યો છે.૩૦ ઓગષ્ટ સુધીમાં સીબીઆઇ કોર્ટ સમક્ષ હાજર થવાનો આદેશ જારી કર્યો છે.આમ લાલુ યાદવની મુશ્કેલીઓ વધી ગઇ છે.

## અટલબિહારી બાજપાઇની ભત્રીજીએ ભાજપ ૨૦૧૯ના ચુંટણી લાભ માટે અટલજીને રાજકીય રીતે વટાવી રહી છે નું દોષારોપણ કર્યુ

અટલ બિહારી બાજપાઈના મૃત્યુને સપ્તાહ વીત્યા બાદ તેમના ભત્રીજી કરુણા શુકલાએ એક નિવેદન આપીને વિવાદ સર્જયો હતો.તેમણે આક્ષેપ કર્યો હતો કે ભારતીય જનતા પાર્ટી વર્ષ ૨૦૧૯માં આવનારી ચુંટણીઓ જીતવા માટે અટલજીના મૃત્યુનો ઉપયોગ કરી રહ્યું છે.અટલના ભત્રીજીએ કહ્યુ હતું કે ભાજપ સ્વાર્થી છે. અટલ બિહારી બાજપેયીના નામનો ઉપયોગ કરીને રાજકારણ રમી રહ્યો છે.તેઓ વર્ષ ૨૦૧૯ની ચુંટણીઓની તૈયારી કરી રહ્યા છે.અટલના જીવનકાળ દરમિયાન તેમના નામે લાભ મેળવ્યા હતા અને હવે તેમના મૃત્યુ પછી પણ રાજકીય લાભ મેળવવા તેમના નામનો ઉપયોગ થઈ રહ્યો છે.બાજપેયીના ભત્રીજી કરુણા શુકલા લોકસભાના પુર્વ સાંસદ છે. અને વર્ષ ૨૦૧૪માં તેમને ટીકીટ નહીં મળતાં તેઓએ ભાજપમાંથી રાજીનામું આપ્યુ હતું. તેમણે જણાવ્યુહતું કે નેતાઓ અટલજીના આદર્શોના રાહ પર બે ડગલાં ચાલશે તો દેશનું ભલું થશે.

પુર્વ વડાપ્રધાન બાજપેયીના અસ્થિકળશ ગ્વાલિયર પહોચ્યા ત્યાં કેન્દ્રીય મંત્રી,રાજયના મુખ્યમંત્રી કાર્યક્રમમાં ભાગ લેવા પહોચ્યા હતા. પરંતુ ગ્વાલિયરમાં રહેલા બાજપેયીના પરિવારજનો તરફ કોઈએ ધ્યાન આપ્યું નહોતું.કળશ યાત્રામાં સેકડો કારનો કાફલો ચાલી રહ્યો હતો.પરંતુ અટલજીના વૃધ્ધ ભત્રીજી અને જમાઈને ઓટો રીક્ષામાં બેસીને શ્રધ્ધાંજલિ સ્થળે પહોચવું પડ્યું હતું.બીજી તરફ છત્તીસગઢમાં અટલજીના કળશના વિસર્જન દરમિયાન કૃષિ પ્રધાન વ્રજમોહન અગ્રવાલ અને આરોગ્ય પ્રધાન અજય ચંદ્રાકર હાસ્ય વેરી રહ્યા હતા. સંસદીય સચિવ અને ભાજપના વિધાનસભાના સભ્ય પણ હસતા મુખે કળશ સાથે તસવીરો ખેચાવી રહ્યા હતા.

કહેવાયું છે કે ભાજપને આફતને અવસરમાં પલટી નાંખવાની જુની આદત છે અને અવસરનો ખરેખરો ઉપયોગ કરી લેવો તે તેની આવડત છે.૨૦૧૯મી લોકસભાની આવનારી ચુંટણીઓમાં આવા કેટલા બધા અવસરો મળશે.

## વરિષ્ઠ પત્રકાર, લેખક કુલદીપ નાયરનું ૯૫માં વર્ષે નિધન

દેશના વરિષ્ઠ પત્રકાર, લેખક અને ઈન્દીરા ગાંધીએ લાદેલી કટોકટી સામેનો બુલંદ અવાજ એવા કુલદીપ નાયરનું ૯૫ વર્ષે અવસાન થયું હતું. તેમની અંતિમ વિધિમાં પુર્વ રાષ્ટ્રપતિ હામીદ અંન્સારી,પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, કેન્દ્રીય સુચના પ્રસારણ મંત્રી રાજ્યવર્દન રાઠોડ, નોબલ વિજેતા કૈલાસ સત્યાર્થી, મીડીયા , રાજનીતી અને સામાજીક ક્ષેત્રના અનેક મહાનુભાવો અને પરિવારજનો સામેલ થયા હતા.નાયર અંગ્રેજી,હિન્દી, ઉર્દુ સહિત ૧૪ ભાષના ૮૦ અખબારોના કોલમ લખતા હતા. કુલદીપ નાયરનો જન્મ ૧૪ ઓગષ્ટ ૧૯૨૩ના રોજ પંજાબના સિયાલકોટ(હાલ પાકિસ્તાન)માં બ્રિટિશ ઈન્ડીયાના કાર્યકાળમાં થયો હતો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

લોકશાહીનો ધ્વંશ થઈ રહ્યો છે તેનું તાજુ ઉદાહરણ સામે આવ્યુ છે.યુજીસી દ્વારા દેશની તમામ યુનીવરસીટીઓ અને કોલેજમાં જંકફુડના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા.અને આ માટે તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને જરુરી પગલાં ભરવાના આદેશ આપવામાં આવ્યા.યુજીસીના આ પરિપત્ર માનવ સંશાધન મંત્રાલયના એક આદેશ બાદ મોકલવામાં આવ્યો.પત્રમાં લખવામાં આવ્યુ છે કે આપવામાં આવેલ આદેશનું સખ્ત રીતે પાલન થાય તે જોવાનું છે.સ્કુલોના વિદ્યાર્થીઓના લંચ બોક્ષ ચેક કરવાની પણ તાકીદ કરવામાં આવી.કોણ શું ખાશે અને શું પહેરશે એ બધી રીત ભાતો સરકાર નક્કી કરશે.માનવ સંશાધન મંત્રાલય આ અંગનો પરિપત્રો જારી કરશે.જો કે હવે લાગી રહ્યુ છે કે સરકાર લોકો ઉપર તેમની વાતો થોપી રહી છે તેમનો એજન્ડા જે પ્રકારનો છે તે પ્રકારે તેઓ વર્તી રહ્યા છે.

પાન નં ૨ નું કોલમ ૫ નું ચાલુ

લોકમે યાત્રા ના પદ્યો એટલે દુનિયાની વિદાય લેતી એ કૃતિના પદ્યો અનુભુતિના વિદ્યુતપ્રવાહનું માધ્યમ બની શક્યાં છે.

કવયિત્રી મેરી જોન કુરવીલન્ગાડ ખાતે કાર્મેલ સાધ્વીસંઘમાં દાખલ થયા ત્યારે કેટલાંક વિદ્વાન કાવ્ય રસિકોએ પણ માન્યુ હતું અને જાહેરમાં વાત પણ કરી હતી કે કોન્વેન્ટની દિવાલ પાછળ પુરાયેલા કવયિત્રી હવે કેરલની જનતાને પોતાના રમણીય ચૈતન્યલક્ષી કાવ્યસર્જનથી વંચિત રાખશે. પણ એવું બન્યું નહી.કિન્તુ કોન્વેન્ટ આશ્રમના શાંત ને પવિત્ર વાતાવરણમાં વખતોવખત સિસ્ટર બેનીજ્ઞાએ ભાવાનુંભુતિવાળી કાવ્યરચનાઓ કરી છે અને તેઓ પોતના કાવ્યસર્જનોથી મલયાલમ ભાષાના સાહિત્યરસિકોને ભીંજવતા રહ્યા છે.એમ.ઓ.જોસેફ જેવા કેટલાક વિવેચકોની દષ્ટિએ સાધ્વીસંઘમાં જોડાયા પછી લખેલા કવયિત્રીના કા વ્યો વધુ હૃદયસ્પર્શી બન્યા છે. સાહિત્ય-ચરિત્રકાર કવયિત્રી લીલાવતીના શબ્દોમાં કહીએ તો, પછીની કૃત્તિઓમાં આધ્યાત્મિક ચિંતન અને ભક્તિને વધુ મહત્વ આપવામાં આવ્યું છે.

સિસ્ટર બેનીજ્ઞાના કાવ્યસાહિત્યની એક ખાસ વિશેષતા એ છે કે એમના સંન્યસ્ત જીવનનો પ્રતિધ્વનિ એમના આધ્યાત્મિક અને મિસ્ટીક(રહસ્યમય)કાવ્યોમાં સંભળાય છે.સંન્યસ્ત જીવનમાં મળતી આધ્યાત્મિક તાલીમ અને સાધના જે તે વ્યક્તિને જડમુળમાંથી બદલી ગયાનો અનુભવ કરાવે છે.એના મુલ્યો અને આદર્શો ઈશ્વરકેન્દ્રીત બને છે.આત્મપ્રેરિત બને છે.આત્માનું સ્નેહગીત, માગી અને આધ્યાત્મીક ગીત વગેરે ખંડકાવ્યો જેવી સાહિત્યિક કૃતિઓ સિસ્ટર મેરી બેનીજ્ઞાએ આવેલા વૈચારિક મુલ્યો અને આધ્યાત્મિક પરિવર્તનના ઉત્તમ દાખલા છે.

સિસ્ટર મેરી બેનીજ્ઞાનું રહસ્યમય(મિસ્ટીક)કાવ્ય આત્માવિન્ટે સ્નેહગીત ૧૯૩૬માં પ્રકાશિત થયું. પોતાના પ્રિયતમની આતુરતાથી રાહજોતી પ્રિયતમાની જેમ માનવ આત્મા પોતાના હૃદયનાથ ઈશ્વર માટે તલસે છે.જગદીશની શોધમાં રખડતા માનવ-આત્માનું વિલાપગીત કોઈપણ પથ્થર જેવા હૃદયમાં પણ પ્રણયનું વ લવાઝોડું સર્જી શકે છે એવું આ ખંડકાવ્ય છે.ચાર પ્રકરણમાં કુલ ૩૨૪ પંક્તિઓમાં વ્યાપેલું એ ખંડકાવ્ય છે.એના પ્રકાશનથી મલયાલમ ભાષામાં એક અનોખી મિસ્ટીક(રહસ્ય કાવ્યના સર્જક)કવયિત્રી તરીકે સિસ્ટર મેરી બેનીજ્ઞાને નામના અને પ્રશસ્તિ મળી.

સિસ્ટર મેરી બેનીજ્ઞાના રહસ્યમય કાવ્યો અને આધ્યાત્મિક ગીતોની પંક્તિઓ વારંવાર વાંચુ છું ત્યારે મને આ કવયિત્રીને સ્વર્ગની જાસુસ કહેવાનું મન થાય છે.પોતાના કાવ્યસાહિત્ય માટે જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર મહાન ગુજરાતી કવિ ઉમાશંકર જોશીએ કવિને સ્વર્ગનો જાસુસ કહ્યો છે.

સિસ્ટર બેનીજ્ઞાનું માંગી ખંડકાવ્ય એક ખ્રિસ્તી સંત માર્ગારેટના જીવન પ ર આધારિત કથાકાવ્ય છે.એના વિશે મલયાલમ ભાષાના કવિવર વડક્કુકુર કહે છે : સિસ્ટર મેરી બેનીજ્ઞા ઘણા સારા ગ્રંથો દ્વારા સાહિત્યમાં પ્રતિષ્ઠા અને બૃહદ લોકોની અચલ ચાહના મેળવવામાં વર્ષોથી સફળ રહ્યા છે.એમની કાવ્યશૈલી ખાસ કદરને પાત્ર છે.વળી મેરી જોન તોટ્ટમ સાધ્વી સિસ્ટર બેનીજ્ઞાએ બન્યા પછી તેમણે 'મધુમજરી' 'કાવ્યમેળા' જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે.

એટલું જ નહી પણ' ઈશપ્રસાદાન',' વિશ્વિવૈભવમ', 'ભારતમહાલક્ષ્મી'(ઝાંસીની રાણીના જીવન અંગે) જેવી અન્ય સાહિત્યિક કૃત્તિઓ દ્વારા એમની લેખનીએ મલાયાલમ ભાષાને વૈભવી બનાવી છે.સિસ્ટર બેનીજ્ઞાના લોકમેયાત્રા કાવ્યની કડીઓ મારા કાનમાં ગુંજ્યા કરે ત્યારે મને આલ્ફ્રેડ ટેનીસન અને સેમ્યુલ બેમ્ફોર્ડની વાત યાદ આવે છે.ટેનીસનનું કાવ્ય ઈન મેમોરીયમ વાંચ્યા પછી સેમ્યુલ બેમ્ફોર્ડે પત્ર દ્વારા કવિને જણાવ્યું હતું કે' હું તમારા કાવ્યને ભુલી શકતો નથી.તમે વર્ણવેલા શબ્દચિત્રો એક પછી એક મારા મનચક્ષુ સમક્ષ તરવરે છે.'

મલયાલમ ભાષાના કોઈ સાહિત્યકારે કહ્યુ છે તેમ સિસ્ટર મેરી બેનીજ્ઞા એક સ્વતંત્ર અને અંગત કાવ્યસામ્રાજ્યના માલિક છે. એમનુ મૃત્યુ ૧૯૮૫ મેની ૨૧ તારીખે થયું. એના ૩૧ વર્ષ પછીથી પણ આજે દેશવિદેશમાં એમના કાવ્યોનું પઠન થાય છે.એનો ઊંડો અભ્યાસ થાય છે અને સમીક્ષા થાય છે.એમના કાવ્યોની લોકપ્રિયતાને ધ્યાનમાં લઈને એમના પસંદ કરેલા કાવ્યોનો એક સંચય ૧૯૭૩માં પ્રકાશિત થયો હતો. ત્યાર બાદ એમની સમગ્ર કાવ્યસૃષ્ટિનો એક બૃહદ કાવ્યસંગ્રહ તોટ્ટમુકૃતિકલ નામે પ્રકાશિત થયો અને એની બીજી આવૃત્તિ પણ થઈ છે. પ્રેષક .ફા. વર્ગીસ પોલ

અનુ પાન નં ૪ નું ચાલુ

મુજબનું કાવ્ય લખી આપતી હતી અને બંને સારા મિત્રો બની ગયાં. ત્યાં કેથલિક દેવાલયના મદદનીશ ધર્મગુરુ ફાધર ઈટ્ટુપ વડોલી એક સારા સાહિત્યકાર હતા અને તેઓ છાપા-સામાયિકોમાં અવાનનવાર લેખો લખતાં હતા.મેરી પોતાની સાહિત્યયાત્રાનો આ ત્રીજો તબક્કો ગણે છે. કે.કે.કવલકાટ ના ઉપનામે ફાધર ઈટ્ટુપ લખતા હતા.અને મેરીએ અગાઉ એમના લેખો વાંચ્યા હતા.એટલે એમને રુબરુ મળવાથી મેરીને ખુબ આનંદ મળ્યો.એ પુજ્ય ફાધર મેરીની કાવ્યપિપાસા વિશે જાણી ખુશ થયા અને એને પ્રોત્સાહન આપતા રહ્યા.ફાધર ઈટ્ટુપ પોતાની સાથેના પુસ્તકોમાંથી આ વાંચવામાં આવે તો મેરીને કાવ્ય લખવા પ્રેરણા મળશે એમ કહીને મેરીને વિવિધ પ્રકારના સારા પુસ્તકો આપતાં.

મેરી આમ વડકન પરવુર રહેતી હતી ત્યારે એને કોલ્લમ ખાતે તિરુવીતાન્કુર સરકારની મલયાલમ હાઈસ્કુલ શરુ થયાની ખબર મળી. મેરી કોલ્લમ સ્કુલ પાસેની કોન્વેન્ટમાં રહીને હાઈસ્કુલમાં દાખલ થઈ અને ધોરણ ૮ અને ૯માં પાસ થઈ. આ તબક્કામાં મેરીએ પહેલી વાર કોચ્ચુમેરી ,પ્રભાવતી અને સાયન્નતિલે એકાન્તયાત્રા જેવા ખંડકાવ્યો લખવા માંડ્યા હતા.એમાં એક દિવસ છાત્રાલયમાથી ફરવા નીકળી ત્યારે તેને એક જાહેર સ્મશાન જોવાનું મળ્યું. એમાંથી એણે રાયન્નતિલે એકાન્તયાત્રા નું ખંડકાવ્ય લખ્યું.

એ જ રીતે સ્કુલમાં પોતાને ઉંડાણથી સ્પર્શેલા એક અનુભવમાંથી એણે પ્રભાવતી ખંડકાવ્ય રચ્યુ હતું.એક દિવસ મેરી કોન્વેન્ટ છાત્રાલયમાંથી સ્કુલની ઓરડીમાં પહોચ્યા ત્યારે એમણે બીજી બધી છોકરીઓને શોકમગ્ન અન દુઃખી થયેલી જોઈ. મેરીએ પુછ્યું અહી શું થયું છે ?કોઈએ એને જવાબ આપ્યો નહી. બીજીએ ટાપસી પુરી, એને કેવી રીતે ખબર પડે ! કોન્વેન્ટમાં રહે છે ને ? મેરીની ઈન્તજારી વધી. ત્યારે એક છોકરીએ કહ્યું કે આપણી પ્રભાવતી(સાચુ નામ નથી) મરી ગઈ છે. પણ એ કેવી રીતે બને.ગઈકાલે એ કંઈ માંદી નહોતી. તે ખભેખભા મિલાવીને વર્ગમાં મારી જોડે બેઠી હતી.ત્યાં એક છોકરીએ ઘટસ્ફોટ કરતાં કહ્યું એણે પ્રેમભંગ થવાથી આત્મહત્યા કરી છે ! પોતાની બહેનપણીના એ સમાચારથી મેરીનું દિલ ખુબ હચમચી ગયું.

થોડા દિવસ માટે તો મેરીનુ ભણવામાંથી મન ઉઠી ગયું. એણે પ્રભાવતી નામે એક પ્રણય ખંડકાવ્ય રચ્યું.આવેશમાં લખેલ એ ખંડકાવ્ય ક્યાંય પ્રકાશિત કરવાનો મેરીનો વિચાર નહોતો. પરંતુ ૧૯૨૭માં એ ક સાહિત્યક સભામાં એક સ્વરચિત કવિતા રજુ કરવાનું મેરીને આમંત્રણ મળ્યું.બીજી કોઈ યોગ્ય કવિતાના અભાવે મેરીએ એ સાહિત્યક સભામાં પ્રભાવતી ખંડકાવ્ય રજુ કર્યું.એ સભાએ મેરીની કવિતાને ઉમળકાથી વધાવી લીધું એટલું જ નહી, પણ એના બીજા દિવસે એ ખંડકાવ્ય છાપાઓમાં પ્રગટ થયું.

સુશ્રી મેરી જોન તોટ્ટમ ઉર્ફે સિસ્ટર મેરી બેનીજ્ઞાના અંદ જીવન વિશે કોઈ ચોક્કસ માહિતીને અભાવે કેટલાક કલ્પનાશીલ લોકો કવિયત્રીના પ્રભાવતી જેવા કાવ્યસાહિત્યમાંથી એમનું વૈયક્તિક જીવન શોધવાનો પ્રયત્ન કરતાં. એમાં એક સાહિત્યસભામાં એક સાહિત્યરસિકે કહેવાની હિમત કરી હતી કે ખુદ મેરી જોન પ્રેમ નૈરાશ્યમાંથી પ્રભાવતી કવિતા સર્જી છે.એટલે જ એમાં તેઓ ખુબ નિર્દોષ છોકરીઓને છેતરતા નીચ પુરુષોને ખુબ ભાવભરી રીતે ચાબખો મારીને અસરકારક રીતે વખોડી કાઢી શક્યાં છે

પણ પ્રભાવતી સર્જવાના અનુભવ વિશે સિસ્ટર મેરી બેનીજ્ઞાનાએ ખુલાસો કર્યો છે કે બોર્ડીંગમાં હતી ત્યારના અનુભવમાંથી પ્રભાવતી એક કલાસ્વરુપિણી રૂપે પોતાના અંતરમાં પ્રગટી અને એની ઉત્તેજનામાં પ્રભાવતી કવિતા સર્જવામાં આવી.પરંતુ એક અપરિણિત અને ગર્ભવતી યુવતીએ પ્રણયનૈરાશ્યથી કરેલી આત્મહત્યાની વાત ખોટો ઊહાપોહ સર્જે એવી શકયતા હતી.એટલે મેરીએ પોતાનું ખંડકાવ્ય એમની નોંધપોથીમાં રહ્યું.પરંતુ કેટલાક વર્ષો પછી એક સાહિત્યિક સભામાં મેરીને એક સ્વરચિત કવિતા વાંચનનું આમંત્રણ મળ્યું ત્યારે બીજું કાવ્ય હાથવગું ન હોવાને કારણે મેરીએ પોતાની નોધપોથીમાંથી પ્રભાવતીની નકલ લઈને એ જાહેરસભામાં રજુ કરી અને એને ખુબ પ્રશસ્તિ અને પ્રસિધ્ધિ મળી.પણ છાત્રાલયની બહેનપણીની આત્મહત્યાની વાતથી વિશેષ અન્ય કોઈ અનુભવની વાત પ્રભાવતી પાછળ નથી.

પ્રભાવતીની જેમ મેરી જોનના ચેમ્મરતી (કરેણ ગડહલ -) ફુલ અંગેના ખંડકાવ્ય વિશે કેટલાક લોકોએ ઊહાપોહ કર્યો હતો.ચેમ્મરતી ખંડકાવ્યના સર્જન વિશે સિસ્ટર બેનીજ્ઞાએ આમ ખુલાસો કર્યો છે. મેરી જોન એક શિક્ષિકા તરીકે કુરવિલન્ગાડ બોર્ડીંગની એક ઓરડીમાં રહેતી હતી ત્યારે બારી દ્વાર આંગણની બહાર ચેમ્મરતી ફુલનો એક મોટો છોડ હતો.પોતાને ખાસ ગમતાં નહોતાં એવા એ ચેમ્મરતી ફુલને રોજરોજ જોતાં એમ લાગતું હતું કે ત્યાં પોતાને અણગમતાં કરેણના છોડને બદલે બીજા કોઈ સુન્દર ફુલવાળો છોડ હોત તો...!

સિસ્ટર બેનીજ્ઞા કહે છે કે પોતે સિસ્ટર બેનીજ્ઞા બનતાં પહેલાં મેરી જોન તોટ્ટમ તરીકે લખેલાં એ ખંડકાવ્ય વિશે વર્ષો પછી લોકોની કાલ્પનિક વાતો સાંભળીને છાત્રાલયની પુર્વ બહેનપણીઓ મળે ત્યારે તેમની સાથે એની વાતો કરીને ખડખડાટ હસી પડતી. એટલે સિસ્ટર બેનીજ્ઞાએ ખુલાસો કર્યો છે ક" વનસ્પતિ વિશ્વના ચેમ્મરતી છોડવા સિવાય માનવ દુનિયામાં કોઈ ચેમ્મરતી ૬૦ વર્ષ સુધીની ઉંમરમાં મારા પરિચયમાં આવ્યા નથી "

કોલ્લમ ખાતે સરકારી વી.એચ.સ્કુલમાંથી નવમુ ધોરણ પાસ કરીને મેરીએ ફરી વડકન પરવુર ખાતે એક અંગ્રેજી સ્કુલમાં ભાષાશિક્ષિકા તરીકે નોકરી સ્વીકારી. કારણ મેરીને મલયાલમ અને સંસ્કૃત ભાષાઓમાં સારી ફાવટ હતી. એકાદ વર્ષ ત્યાં નોકરી કરી ત્યારે તેમને પોતાના વતન પાસે કુરવીલન્ગાડ ખાતે ૧૯૨૨માં એક કોન્વેન્ટ સ્કુલમાં હેડમિસ્ટ્રેસ તરીકે નોકરીમાં બઢતી મળી.

મેરી જોન કુરવીલન્ગાડ રહેવા માંડ્યા પછી એમના કાવ્યો ઘણા છાપા સામાયિકોમાં નિયમિત પ્રગટ થવા માંડયા અને કાવ્ય ચેતનાથી અનુગ્રહિત કવિયિત્રી તરીકે લોકો એમને જોવા લાગ્યા.આ સમયમાં મામા ફાધર સાયમન.સી.ડી. દીપીકા દૈનિકના તંત્રી બન્યા હતા. અને તેઓ પોતાની ભાણીને સાહિત્યક્ષેત્રે ખુબ પ્રોત્સાહિત કરતા હતા. આ ગાળામાં પુસ્તકરુપે મેરીનો પ્રથમ કાવ્ય સંગ્રહ ગીતાવલી પ્રગટ થયો

કુરવીલન્ગાડ નોકરીમાંથી રાજીન ામુ આપીને મેરી જોન ૧૯૨૮ જુલાઈની ૧૬મીએ કાર્મેલ સાધ્વીસંઘમાં કોન્વેન્ટમાં દાખલ થયા.લેખક એમ.ઓ. જોસેફ,નેડુન્કુન્નમ કહે છે કે પોતાની દીકરીનો દૃઢ નિર્ણય અને વધતી જતી ઉંમર જેવી બાબતોને ધ્યાનમાં લઈને કમને પણ મેરીના માંબાપે તેમને કોન્વેન્ટમાં દાખલ થવાની પરવાનગી આપી હતી.તેઓ વધુમાં કહે છે કે મેરી કોન્વેન્ટમાં જવાને કારણે મલયાલમ ભાષામાં માસ્ટરપીસ સર્વશ્રેષ્ઠ કૃતિ કહી શકાય એવા બે ખંડકાવ્યો મળ્યાં.લોકમે યાત્રા એ સ્વયંમવરમ, અત્યંત સુંદર એવા આ બે ખંડકાવ્યોની તોલે આવે એવી કોઈ કૃતિ મલયાલમ સાહિત્યમાં જોવા ન મળે.

મેરી જોન લોકમે યાત્રા કાવ્યમાં કહે છે તેમ સાધ્વીસંઘમાં જોડાવા માટે તેમણે બધી ભૌતિક બાબતો ત્યજી દીધી હતી.પરંતુ પોતાના સંન્યસ્ત જીવનમાં કોઈ ખલેલ ન પહોચાડે એવી શરતે તેઓ પોતાની લેખિનીને પોતાની સાથે આવવા દે છે. કવિયિત્રીએ આ અનુભુતિ લોકમે યાત્રા કાવ્યપંક્તિઓમાં પ્રગટ કરી છે.

"મારાથી છુટી પડ્યા વિના સતત,
મારી સાથે સહયાત્રા કરનાર લેખીની,
મારી સાથે તું શા માટે આવે છે ?
તું પાછી જા :
નામના ઈચ્છતી તું પ્રશાંત આશ્રમની અંદર
શાંતિથી કેવી રીતે બેસી રહેશે?
તને ગમતું હોય તો તું આવી શકે છે, મારો કોઈ ખાસ વિરોધ નથી.
તને દુર ભગાડવા હું ધારતી નથી : તું મને કોઈ નુકશાન ન આપ
એવું તું ઈચ્છતી હોય તો મને ખાતરી છે કે કશું અનિષ્ટ મારુ થશે નહીં"

જાણીતા કવયિત્રી અને વિવેચક ડૉ.એમ.લીલાવતીએ, મલયાલમકવિતાસાહિત્યચરિત્રમ નામે સાહિત્ય ચરિત્રનો દળદાર ગ્રંથ રચ્યો છે. એમાં સમીક્ષકે લખ્યું છે કે કાર્મેલ કોન્વેન્ટમાં પ્રવેશ કરતાં પહેલાં

પાન નં. પહેલા બીજા કોલમમાં

# ચાર રાજ્યોમાં વિધાનસભાની ચુંટણીઓ સાથે લોકસભાની ચુંટણીઓ શક્ય છે : ચુંટણી પંચ

પહેલી વખત નન્નૈયો ભણનાર ચુંટણી પંચે હવે ચાર રાજ્યોમાં ડિસેમ્બરમાં એક સાથે ચુંટણી કરવવા સક્ષમ છે પરંતુ તે માટે લોકસભાની ચુંટણી વહેલી યોજવી પડશે તેવું ચીફ ઇલેકશન કમિશ્નર ઓ.પી. રાવતે કહ્યુ હતું.મધ્યપ્રદેશ,રાજસ્થાન, છત્તીસગઢ અને મીઝોરામમાં વિધાનસભાની ચુંટણી સાથે ડિસેમ્બરમાં લોકસભાની ચુંટણીઓ યોજાય તે માટે ચુંટણી પંચ તૈયાર છે તેના જવાબમાં તેમણે હકારમાં જવાબ આપ્યો હતો.પહેલા ચુંટણી પંચે નકારમાં જવાબ આપ્યો હતો અને હવે હકારમાં જવાબ આપીને ચુંટણી પંચ પોતાની આગવી ઓળખ મીટાવી રહ્યું છે.નીતિ નિયમોમાં સુધાર લાવીને ચુંટણી કરી શકાય તેવો જવાબ વાળીને સત્તા સ્થાને બેઠેલાને શું કરવું તેનો અણસાર આપી દીધો છે.ઇવીએમ મશીનોની સાથે વીવીપેટ તૈયાર થાય તો તેનાથી વિશ્વસનીયતા ઉભી થઇ જશે તેમ માનવું ઉતાવળે માનવા જેવું છે.ઇવીએમ મશીનમાં ઉભી થયેલી શંકાનું સમાધાન શક્ય નથી તેમ લાગે તો ચુંટણી પંચ વિકલ્પ શોધશે તેનો જવાબ તેમણે આપવો જોઇએ.લોકશાહીના હિતમાં અને મતદારોના હિતને લક્ષમાં રાખીને ચુંટણી કરવી ચુંટણી પંચ માટે આવશ્યક છે.સત્તાધારી પક્ષની કઠપુતળી બનીને કામગીરી કરવી જરુરી નથી.

# અમેરિકાના ૩૦૦ અખબારો ટ્રમ્પ દ્વારા અખબારી સ્વાતંત્રતા પર થઇ રહેલા હુમલાનો જવાબ આપશે

અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મીડીયા સંગઠનોને અમેરીકી પ્રજાના શત્રુ કહી રહ્યા હોવાનો વિરોધ કરવા અમેરીકાના ૩૦૦ અખબારોએ અખબારી સ્વાતંત્રને મુદ્દે સંપાદકીય લખવાનો નિર્ણય કર્યો છે.ન્યુયોર્ક ટાઇમ્સ ઉપરાંત વર્ષ ૨૦૧૬ની ચુંટણીઓમાં ટ્રમ્પ જે રાજ્યોમાં વિજયી થયા હતા તે રાજ્યોના નાના અખબારોને સામેલ રાખતાં બોસ્ટન ગ્લોબ એડીટોરીયલ બોર્ડે પ્રેસની આઝાદીને મુદ્દે સંપાદકીય લખવા ફેસલો કર્યો છે.બોસ્ટન ગ્લોબ એડીટોરીયલ બોર્ડે ઓનલાઇન પોસ્ટમાં ટ્રમ્પ પર તેઓ ફ્રી પ્રેસ પર હુમલા કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. પોસ્ટમાં જણાવવામાં આવ્યુ હતું કે અમેરિકાની મહાનતા શક્તિશાળી સત્તાધારી સામે સત્ય બોલવાની પ્રેસની આઝાદીમાં છે.પ્રેસને અમેરિકાની પ્રજાનો શત્રુ ચિતરવો તે અમેરિકન મુલ્ય નથી. ટ્રમ્પ પ્રેસ સાથે વિરોધપક્ષ જેવું વર્તન કરીને અહેવાલોને ફેક ન્યુઝ કહી રહ્યા છે. ટાઉનહોલડોટકોમ નામની વેબસાઇટ પર પોસ્ટ મુકાયા બાદ કેટલાક નકારાત્મક ટિપ્પણીઓ પર આવી હતી. કેટલાક યુઝર્સે અખબારો ટ્રમ્પ સાથે ટકરાવભરી સ્થિતિ સર્જી રહ્યા છે.કેટલાક યુઝર્સે એવી ટિપ્પણી આપી હતી તેઓ ૧૬ ઓગષ્ટે ન્યુઝપેપર બોક્ષમાં નાણાં નહી નાખે.સેનેટર જેફ ફ્લેકે જણાવ્યુ હતું કે ટ્રમ્પ રશિયન સરમુખ્યતાર જોસેફ સ્તાલિનની ભાષા અનુસરી રહ્યા છે.

# આસામમાં લોકોના ટોળાંએ પશુચોર માનીને એકની હત્યા કરી

સુપ્રીમ કોર્ટે જેની આકરી ટીકા કરી છે તે ટોળા દ્વારા થતી હત્યા.પરંતુ હજુ સુધી તેનો નિવેડો આવ્યો નથી.આસામના વિશ્વનાથ જિલ્લામાં પશુચોર માનીને લોકોના ટોળાંએ હુમલો કરતાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે.આ દેશમાં મોબ લિંચિંગની વધુ એક ઘટના બની છે.કેટલાક લોકો ગાય ચોરીને ભાગ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.નંબર પ્લેટ વગરની ઓટો વાનમાં તેઓ ભાગી રહ્યા હતા ત્યારે કેટલાક લોકોએ બુમો પાડતાં તેમને ઘેરી લેવામાં આવ્યા હતા.ત્યારબાદ ચોર માનીને તેમને ફટકારવામાં આવતાં એક વ્યક્તિનુંમોત નિપજ્યું છે.જો કે આ ઘટનામાં હજુ સુધી કોઇની ધરપકડ થઇ નથી.આસામમાં ટોળાઓ દ્વારા હુમલાની અનેક ઘટનાઓ બની છે.

# ભારતના સૌ પ્રથમ સફળ ક્રિકેટ કેપ્ટન અજીત વાડેકરનું નિધન



ભારતીય ક્રિકેટના સૌથી લોકપ્રિય અને ભારતને વિદેશોમાં સફળતા અપાવીને અમર બની ગયેલા કેપ્ટન અજીત વાડેકરનું ૧૫મી ઓગષ્ટે મુંબઇ ખાતે ૭૭ વર્ષની ઉંમરે નિધન થયું હતું. તેઓ છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા.ભારતીય ટીમ વિદેશની ધરતી પર જીતી શકે તેની પ્રતિતી તેમણે કરવી હતી.૧૯૬૭-૬૮માં ભારતે પહેલી વાર વિદેશની ધરતી પર વિજય મેળવ્યો હતો અને સીરીઝ જીતી હતી.તે સફળતા તેમણે ન્યુઝીલેન્ડમાં મેળવી હતી.ભારતે ઇંગ્લેન્ડ કે વેસ્ટ ઇન્ડીઝમાં જીતી શક્યું નહોતું પરંતુ ૧૯૭૧માં ભારતના બે વિદેશી પ્રવાસો દરમિયાન વેસ્ટ ઇન્ડીઝ અને ઇંગ્લેન્ડમાં જીત મેળવી હતી.

# ન્યુઝીલેન્ડમાં વિદેશીઓ પર ઘર ખરીદવા પર પ્રતિબંધ

ન્યુઝીલેન્ડમાં વિદેશી પર ઘર ખરીદવા પર સરકાર બે મહિનામાં પ્રતિબંધ અમલી મુકતો કાયદો લાવશે. ઘર ખરીદવાનો મનસુબો એશીયન લોકોમાં વધુ પ્રચલિત છે.પરિણામે ન્યુઝીલેન્ડમાં એશીયનોએ સારા પ્રમાણમાં ઘરો ખરીદી લીધા છે.સરકારનું એવું માનવું છે કે ન્યુઝીલેન્ડવાસીઓને ઘર ખરીદવામાં તકલીફો ના પડે તે માટે વિદેશી ગ્રાહકો પર પાબંદી લગાવવી જરુરી છે.હાલમાં વિદેશી ગ્રાહકોને કારણે મિલકતોના ભાવો ઉંચકાઇ ગયા છે.વિદેશી ખરીદદારોની સીમા નક્કી કરવા ણાટે ઓવરસીઝ ઇન્વેસ્ટમેન્ટ બીલ સંસદે પસાર કર્યુ હતું.

## જાણવા જેવું !

વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.

પહેલી મોર્ડન ઓલિમ્પીક રમત ૧૮૯૬માં એથેન્સમાં યોજાઇ હતી.

અબરખ ધાતુનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે

ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.

# ભારતના ભુતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇનું ૯૩ વર્ષની વયે નિધન



ભારતીય રાજકારણના કરિશ્માઇ નેતા,કવિ તેમજ રાજનીતિજ્ઞ તેમજ ઉદારવાદી તરીકે તેમની ઓળખ એવા ભારતીય જનતા પાર્ટીના નેતા તેમજ દેશના ભુતપુર્વ વડાપ્રધાનનું ૯૩ વર્ષની વયે નિધન થયું હતું.તેમના નિધનથી તેમના અનુયાયીઓ અને દેશના અનેક ચાહકોને દુઃખ પહોચ્યું છે.આજે ભાજપ સત્તામાં છે તેની પાછળ તેમનો ભવ્ય પુરુષાર્થ હતો.તેમણે રાજકારણને આર્દશ રાજકારણ બનાવવાની કોશીસ કરી હતી જો કે તેમના અનુયાયીઓએ તેમના પથ પર ચાલવા માટે પ્રયાસ કર્યો નથી.તેમણે રાજકારણનો ધર્મ અને તેના મુળભુત સિધ્ધાન્તોનું પાલન કરવાની આજના નેતાઓને શીખ આપી હતી પરંતુ તે તેમના ગળે ઉતરી નહોતી.અટલજીના નિધનથી રાજકારણમાં ન પુરાય તેવી ખોટ પડી છે.એક શુન્યઅવકાશ ઉભો થયો છે અને તે હવે ક્યારેય પુરાય નહીં તેવી ભીતી છે.તેમણે વડાપ્રધાન તરીકે ત્રણ વખત સુકાન સંભાળ્યુ હતું. ગઠબંધનની સરકાર ૧૩ દિવસ ચાલી,બીજી વખત ૧૩ મહીના ચાલી અને ત્રીજીવખત પુરા પાંચ વર્ષ સુધી ચાલી. તેઓ ૧૨ વખત સાંસદ તરીકે લોકસભામાં ચુંટાયા હતા.તેઓ ગ્વાલીયરમાંથી માધવરાવ સિંધિયા સામે ૨ લાખ મતોથી હારી ગયા હતા.આ એકમાત્ર ચુંટણી તેઓ હાર્યા હતા.તેમની યાદગીરી અને સન્માન માટે દેશમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે.

## જાણવા જેવું !

થાઇલેન્ડમાં પરીક્ષામાં ચોરી કરવા માટે, ત્યાંના કાનુનમાં કોઇ સજાની જોગવાઇ નથી.

ગ્રેહામ ગિન્ડના બ્રાઇટન અર્ખ નામના પુસ્તકની પ્રથમ એડીશનની કિંમત એશી હજાર રુપીયા બોલાય છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગલીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સિસ્ટર બેનીજ્ઞા કેરળમાં પોતાના કાવ્યો દ્વારા અડધી સદીથી વધુ સમય લોક હૃદયમાં રાજ કરતાં રહ્યા

મલયાલમ સાહિત્યમાં વડક્કુમ્કુર રાજરાજવર્મા રાજાનું નામ સાહિત્ય-ચિત્રકાર,વિવેચક અને કવિ તરીકે ખુબ જાણીતું છે.એમણે કવયિત્રી મેરી જોન તોટ્ટમ્ અંગે કરેલી એક વાત આપણને એ કવયિત્રીના જીવન અને કવનનો ખ્યાલ આપે છે.તોટ્ટમ્ કવિતા-નિરુપણન્ગલીલ(વિમર્શનોમાં)નામે ૧૯૬૮માં પ્રકાશિત થયેલા પુસ્તકમાં તોટ્ટમ્ કવિતા-એક વિવેચનમાં વડક્કુમ્કુર લખે છે :

" આજે કેરલમાં હયાત કવિયત્રીઓમાં સુશ્રી મેરી જોન પ્રથમ સ્થાને ગણાય છે.મહાકવિ ઉલ્લુર પણ આ વાત સાથે સહમત થયા છે.સુશ્રી મેરી જોન કાવ્યલોકમાં છેલ્લા ત્રણ દાયકાઓ કરતાં પણ વધારે સમયથી સક્રિય રહ્યા છે...કેરલ સાહિત્યમાં ઉચ્ચત્તમ અને ઉજ્જવલ સ્થાન મેળવવાનું અને એ સ્થાનમાં સતત સ્થાયી રહેવાનું પ્રસ્તુત કવિયત્રી માટે શક્ય બન્યું છે.કાવ્યલોકમાં પ્રવેશીને સતત આ પ્રકારનો વિજય મેળવનાર સમુદાયમાં ખ્રિસ્તી સમજામાં બીજી કોઇ સ્ત્રી હોય એવું જણાતું નથી. "

અડધી સદી કરતાં વધારે સમયથી સતત ખુબ મધુરતમ કવિતાથી કેરલના લોકોના હૃદયોને આહ્લાદિત કરનાર આશીર્વાદાત્મક કવિયત્રી મેરી જોન તોટ્ટમ ઉર્ફે સિસ્ટર મેરી બનીજ્ઞા, એમના કાવ્યો છાપાઓ અને સામાયિકોમાં પ્રકાશિત થતાં ત્યારે, આજે યુવક-યુવતીઓ ફિલ્મી ગીતો મોઢે કરીને લલકારે છે તેમ, આ કવિયત્રીના કાવ્યો કેરલમાં લોકજીભે ચડી ગયેલાં. "મેરી જોન તોટ્ટમ્ ના લોકમે યાત્રા" કાવ્યની ચારેક પંક્તિઓ મોઢે ના હોય એવા લોકો તે વખતે કેરલમાં નહોતા.એમ કેરલ સાહિત્યકલા સમિતિના સેક્રેટરી વિદ્વાન પી.જે.જોસેફે તોટ્ટમ કવિતા - નિરુપણન્ગલીલની પ્રસ્તાવનામાં કહ્યું છે.

પરંતુ એમના પ્રથમ બે કાવ્યસંગ્રહો (ગીતાવલી અને કવિતારામ) પ્રકાશિત થયા પછી મેરી જોન તોટ્ટમ કાર્મેલ સાધ્વીસંઘના એક કોવેન્ટમાં દાખલ થવાને કારણે એમના જીવન વિશે લોકો ખાસ જાણતા નહોતા.

મેરી જોન તોટ્ટમે અડધી સદી દરમિયાના રચેલા કાવ્યો અને એક ડઝનથી વધારે કાવ્યસંગ્રહો સહૃદયી કાવ્યપ્રેમીઓ સુપેરે જાણે છે.પરંતુ એક કેથલિક ખ્રિસ્તી સાધ્વી તરીકે કવિયિત્રી સિસ્ટર મેરી બેનીજ્ઞા કોઇપણ પ્રકારની જાહેરાતો અને પ્રચાર પ્રવૃત્તિઓથી દુર રહ્યા હતા એટલે એમના જીવન વિશે કોઇ ખાસ જાણતા ન હતા.પણ એમણે ૬૦ વર્ષની ઉંમરે શિક્ષણની કામગીરીમાંથી નિવૃત્તિ લીધી ત્યારે છાપા - સામાયિકોમાં એના સમાચાર આવ્યા હતા.એના અનુસંધાનમાં એમની પૃષ્ઠપુર્તિને ધ્યાનમાં રાખીને કેરલ સાહિત્ય સમિતિ ના કેટલાક મિત્રો અને સાહિત્યકારોએ સાથે મળીને મુવાટ્ટુપુષા ખાતે નિર્મલા કોલેજમાં એક ચર્ચાસભાનું આયોજન કર્યુ હતું.

એ પરિસંવાદમાં પ્રગલ્ભ સાહિત્યકારોએ આપેલા પ્રવચનો સાથે સિસ્ટર બેનીજ્ઞાના કાવ્યો વિશે ત્રણેક વિવેચકોએ લખેલી સમીક્ષાનો સમાવેશ કરીને ૨૪૬ પાનાનો સંગ્રહ બહાર પાડવામાં આવ્યો. એમાં સિસ્ટર બેનીજ્ઞાએ ચર્ચાસભાને અંતે પ્રતિભાવરુપે આપેલા પ્રવચનો પણ સમાવેશ થાય છે.એ ચર્ચાસભામાં સમાધિમાંથી બહાર નિકળેલા પતંગીયા જેવી પોતાની સ્થિતિ વર્ણવી સિસ્ટર બેનીજ્ઞાએ કહ્યુ હતું કે સિસ્ટર બનતા પહેલા મારા ભણતર દરમિયાન તેમજ સાધ્વી તરીકે કોન્વેન્ટમાં રહીને શિક્ષણકાર્ય કરવાને કારણે મારા કવિતા પ્રેમીઓને મારા વિશે જાણવાની કોઇ તક નહોતી.એટલે પોતાના જીવન વિશે જાણવાની લોકોની વિનંતીઓને ધ્યાનમાં રાખીને સિસ્ટર બેનીજ્ઞા પોતાના જીવન વિશે બોલ્યા હતા.

મેરી જોન તોટ્ટમનો જન્મ કેરલના એરનાકુલમ જિલ્લાના મુવાટ્ટુપુષા તાલુકાના ઇલજ્ઞી નામે ગામના મધ્યમ સ્તરના એક ખેડુત કુટુંબમાં ૧૯૦૧થી ૨૪મી જુને થયો હતો.મેરી જોન ૨૭ વર્ષની ઉંમરે કાર્મેલ સાધ્વીસંઘમાં જોડાયા. ત્યાં સુધીના પોતાના જીવનને તેમણે જુદા જુદ ત્રણ તબક્કામાં વર્ણવ્યું છે. તે વખતે ઇલજ્ઞી ગામમાં કોઇ શાળા નહોતી. પણ "આશન" કે માસ્ટર પોતાના ઘરના ઓટલા ઉપર બેસાડીને આસપાસના નાનાં બાળકોને ભણાવતાં હતા.નાના છોકરી મેરી એવી એક આશન શાળામાં વાંચવાનું,લખવાનું અને ગણવાનું શીખી.તે અરસામાં છોકરીઓ માટે પ્રાર્થનાગીતનું પુસ્તક વાંચવા જેટલું જ્ઞાન પુરતું મનાતું.પરંતુ મેરીના સંસ્કારી માંબાપે ગામમાં સ્કુલ ન હોવા છતાં એને ભણવા માટે માજ્ઞાનમ ખાતે તેમના માતાના પિયરમાં મોકલી અને ત્યાં મેરીને ત્રીજા ધોરણમાં ભણવા મુકી.મેરીના મોટા મામા પરણીને ખેડુતનું કૌટુંબિક જીવન ગાળતા હતા. પણ નાના મામા હાઇસ્કુલમાં ભણતા હતા.પોતાના ઘરની જેમ મોસાળમાં પણ બીજું કોઇ નાનું બાળક ના હોવાથી મેરીને બધાનો નિષ્કલંક પ્રેમ મળ્યો.

મેરીના ભણતરમાં નાના મામા ખાસ રસ લેતાં અને એને મદદ કરતાં. એક દિવસ દૈનિકપત્ર દીપીકામાં છપાયેલા ગીતોનું એક પાનુ જોયું.એમાં એક કાવ્યની નીચે કવિ તરીકે 'કે.ચુમ્મર પાડશેરી' નામ જોયું.નાના મામાનું એ નામ જોઇને મેરીને પહેલીવાર ખબર પડી કે પોતાના નાના મામા ખરેખર કવિ છે.મેરીને પોતાના મામાનું એ ગીત એટલું બધું ગમી ગયું કે મેરી ખુબ ખુશીથી એને મોઢે કરીને વારંવાર ગાતી. મેરીમાં પણ પોતાના મામાની જેમ એક કવિ બનવાની ઇચ્છા જાગી.પછી મેરી જુદા જુદા સામાયિકોમાં મામાના કાવ્યો વાંચતી. ત્યાર બાદ મામાએ એક ખંડકાવ્યનું પુસ્તક પણ પ્રકાશિત કર્યુ.પછી કે ચુમ્માર પાડશેરી એક સંન્યસ્ત સંઘમાં દાખલ થયા અને ફાધર સાયમન, સી.ડી. બની ગયા.મામાની ગેરહાજરીથી મેરી ખુબ દુઃખી થઇ પણ ટુંક સમયમાં ધોરણ ચાર પાસ કરીને મેરી પિતૃગૃહે પાછી ફરી. કારણ, ત્યાં છોકરીઓ માટે વધુ અભ્યાસની સગવડો નહોતી.

બે વર્ષ ઘેર રહ્યાં પછી ઘરથી દુર મુતોલી ખાતે કાર્મેલ સાધ્વીસંઘની માધ્યમિક શાળા અને બોર્ડીંગમાં મેરીને પ્રવેશ મળ્યો.ત્યાં સાધ્વીબેનોને સોંપીને પોતાના પિતા ગયા ત્યારે મેરી કહે છે કે "હું બીજી છોકરીઓની જેમ રહી નહોતી.મને પરમ આનંદ હતો.મને ત્યાં શાળા જીવનમાં અને કોન્વેન્ટ છાત્રાલયના જીવનમાં આનંદ મળ્યો" મેરીએ પોતાના નાના મામા સાથે પ્રથમ તબક્કે કાવ્યસાહિત્યમાં રસને રુચિ કેળવ્યા હતાં.હવે મુતોલી ખાતે કોન્વેન્ટ છાત્રાલયના જીવનને મેરીએ પોતાના કાવ્યલગનના અંકુર ફુટવાનો, એટલે કાવ્યસાહિત્યમાં રસ અને રુચિ કેળવવાનો બીજો તબક્કો ગણ્યો છે.ત્યાં છાત્રાલયમાં ૮૦ જેટલી છોકરીઓ હતી.અને મેરી નાની છોકરીઓની ટુકડીમાં હતી.

મેરીએ પાંચમાં ધોરણમાં ભણતી વખતે સાતમાં ધોરણની છોકરીઓને ગોળાકારમાં બેસીને એક "પ્રશસ્તિ કાવ્ય "લખવાનો પ્રયત્ન કરતી જોઇ,એમની મથામણ જોઇને મેરીએ પોતે બે પ્રશસ્તિ કાવ્ય લખીને એ મોટી બહેનોને બતાવ્યા. મેરીની કવિતાથી મોટી બહેનો ખુબ પ્રભાવિત થઇ. ટુંક સમયમાં સૌ મેરીની કાવ્ય પિપાસાની કદર કરવા લાગ્યા. બોર્ડીંગના ઉપરી સિસ્ટરથી માંડીને મેરીના શિક્ષકોને પણ એમની કાવ્ય શક્તિનો ખ્યાલ આવ્યો અને નાનકડી મેરી સ્કુલની સાહ્ત્યકલા સિમિતિની ઉચ્ચ સભ્ય બની ગઇ.

મુતોલી ખાતે સાતમુ ધોરણ પાસ થયા પછી મેરીને સાધ્વીમંડળમાં જોડાવાની ઇચ્છા હતી. પરંતુ માંબાપની પરવાનગીના અભાવે મેરી ઘેર પાછી ફરી. મેરી કાર્મેલ સાધ્વીસંઘમાં જોડાવાની તક શોધતી હતી.ત્યાં એક દિવસ છાપામાં જાહેરાત જોઇ. વડકન પરવુર ખાતે એક કોન્વેન્ટ પ્રાથમિક શાળામાં ભણાવવા માટે સાતમું ધોરણ પાસ કરેલી છોકરીની જરુર હતી. મેરીએ જાહેરાત પોતાના પિતાને બતાવી.પિતાને ખબર હતી કે મેરીને ઘરથી દુર મુસાફરી કરવા અને કોન્વેન્ટ બોર્ડીંગમાં રહીને ભણાવવા માટે મળનાર પગારમાં પોતાની ખેતપેદાશની થોડી આવક ઉમેરવી પડશે.છતાં મેરીની ઇચ્છા અને બાહ્ય દુનિયા સાથેની પોતાની દીકરીના સબંધ અને સંસ્કાર વધારવા માટે મેરીના પિતા એ વડકન પરવુર કોન્વેન્ટ સ્કુલમાં મુકી આવ્યા.

ત્યાં સ્કુલમાં પાર્વતીયમ્મા નામે કાવ્યપિપાસાવાળી એક હિન્દુ યુવતી હતી. તે સંગીત વિજ્ઞાન શિક્ષિકા છોકરાંઓને વિવિધ પ્રકારના કાવ્યો ભણાવતી અને નાચગાન શીખવતી હતી. મેરીને એમની પાસેથી ઘણું બધું શીખવાનું મળ્યું.મેરી એમના ગાયન અનું. પાન નં.૨ ઉપર


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.